કાછડીયા કૃશાંગી અરવિંદભાઈ P.M.શ્રી રમળેચી પ્રાથમિક શાળા
ધો. 8 ગુજરાતી નિબંધ

(૨)

# ટકાઉ ભવિષ્ય તરફ શાળાઓનું યોગદાન

* 'હાલનું બાળક એ દેશનું ભવિષ્ય છે.' અને બાળકના પાયાઓનું ઘડતર શાળા તરફથી થાય છે. શાળા એ વિદ્યાનું મંદિર છે. શાળામાંથી બાળકમાં રહેલ વિવિધ કારીગરી અને કલાનો વિકાસ થાય છે. બાળકમાં રહેલી વિવિધ કળાઓને જાણવી તેમજ સમજવી અતિઆવશ્યક છે.

* વિવિધ એક્ઝીબિશન દ્વારા વિવિધ સ્પર્ધાઓ દ્વારા બાળકમાં રહેલી કળાઓ ખીલે છે. તે કળાઓ બહાર આવે છે. તેમજ ટકાઉ ભવિષ્ય તરફ શાળાઓનું યોગદાન એ ખુબ જ મહત્વપૂર્ણ છે. બાળકના પાયાના વિચારો જાણી અને તેને આગળ વધવાના પ્રયત્નો કરવા જોઈએ. દેશમાં જેટલા નાગરીકો ભણેલ અને સુસંસ્કૃત હશે તેટલો તે દેશનો વિકાશ ઝડપી બનશે. દેશ વિકાશના અંબરો સર કરવા લાગશે.

* "બાળક એ દેશનું ઘરેણુ છે." જેટલી બાળકમાં રહેલી કળાઓનો વિકાસ થશે તેટલો ભવિષ્યમાં દેશને લાભ થશે. બાળક પોતાની કળાના કારણે વિવિધ ક્ષેત્રમાં પ્રગતિ કરશે જેમકે વિજ્ઞાન, ચિકિત્સા, મનોરંજન રમત-ગમત, વિજ્ઞાન વગેરે ક્ષેત્રમાં તેમનું મહત્વપૂર્ણ યોગદાન રહેશે. પરંતુ જ્યારે બાળકનો પાયો મજબૂત હશે તો.

અને તેનો પાયાનું ઘડતર શાળા તરફથી જ શકે છે. માટે શાળાએ વિવિધ કાર્યક્રમો, એક્ઝીબિશન, સ્પર્ધાઓનું આયોજન કરી બાળકમાં રહેલી કળાઓને ખિલવવી જોઈએ. બાળક દેશનું ભવિષ્ય છે તો આ ભવિષ્યના પાયાના ઘડતરમાં કોઈપણ પ્રકારની કચાસ ન રહે તે શાળાએ ધ્યાન રાખવું જોઈએ.

* બાળકો એ પણ જે વિષયમાં જે ક્ષેત્રમાં રસ હોય તે ક્ષેત્રમાં આગળ વધવાના પ્રયત્નો કરવા જોઈએ. બાળકને તેની કળાને બહાર લાવવાની તક શિક્ષકો તથા વાલીએ આપવી જોઈએ. વર્તમાનના મહાન વૈજ્ઞાનિકો એ બાળપણમાં કરેલી સખત મહેનત, તેમને મળેલી વિવિધ તક અને તેમની શાળાઓના યોગદાનના કારણે જ તેઓ આ સ્થાન સુધી પહોંચ્યા છે.

* શાળાઓનું દેશના ભાવિ ભવિષ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. દરેક બાળક સમાન કળા ધરાવતુ નથી. પરંતુ તેમા સમાન શક્તિ રહેલી છે. બાળકની આ શક્તિને રૂંધી ન શકાય. તેને પોતાનો યોગ્ય માર્ગ પસંદ કરવાની તક પ્રદાન કરો. બાળકનું જીવન જ્યાં ફળાય નહિ પણ જ્યા પ્રફુલ્લે ત્યા તેને જવા દો. બાળકોને મનગમતિ પ્રવૃત્તિ કરવા દો. પ્રયોગ કરવા દો. શાળામાં બાળકને જે વિષયમાં વધુ રસ છે તેમા આગળ વધવા દો. દેશનું ભવિષ્ય હાલના બાળકોના હાથમાં છે.

* નાનપણથી જ બાળકના વિવિધ સપનાઓ હોય છે કે મારે ડોક્ટર બનવુ, એન્જિનિયર બનવુ, વૈજ્ઞાનિક બનવુ વગેરે. પરંતુ ઘણા બાળકો, વિદ્યાર્થીઓ એવા હોય છે કે આર્થિક, સામાજિક કોઈક કારણોસર તે તેના સપના સુધી પહોંચી શકતા નથી. અને તેઓના જીવનની દિશા જ બદલી જાય છે. તેઓ પોતાના ધ્યેય સુધી પહોંચી શકતા નથી. અને કોઈ નાના કાર્યો અને વ્યવસાય કરીને રોજગારી મેળવે છે. બાળકો એ અસફળતાથી ડર જવાની જરૂર નથી. કહે છે ને કે "અસફળતામાં જ સફળતાની ચાવી છુપાયેલી હોય છે." ખુબ જ પ્રયત્નો કરવા જ્યા સુધી આપણે આપણા લક્ષ્ય સુધી પહોંચી ન જઈએ.

* 'એલોન મસ્ક' જે ખુબ જ જાણીતુ નામ છે. તેની પાસે નાનપણમાં કંઈજ ન હતુ પણ હિંમત ના હારી. પ્રયત્નો ચાલુ રાખ્યા અને હજારો કંપનિના તે માલિક છે. 'કલ્પના ચાવલા' તેને પણ નાનપણમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો છતા હિંમત હાર્યા વગર આગળ વધતા સફળતાના શિખરો સર કર્યા. કોઈ પણ નામાંકિત કે ઉચ્ચ પદ સુધી પહોંચેલ વ્યક્તિ પહેલા તો શાળામાંથી જ જ્ઞાન પ્રાપ્ત કરે છે તેથી તે દરેક વ્યક્તિના જીવનમાં શાળામાંથી પ્રાપ્ત કરેલુ પ્રાથમિક જ્ઞાન પહેલા હોય છે. શાળા જ બાળકના જ્ઞાનનું સિંચન કરે છે. શાળાએ થી જ બાળક પોતાનો ધ્યેય શોધે છે અને નક્કિ કરે છે. વિકાસનો પ્રથમ સ્તર શાળા છે. પ્રાચિનકાળમાં પણ શાળા અને ગુરુકુળનું ખુબ જ મહત્વ હતુ.

* શાળા એ માત્ર બાળકનું જ નહિ પરંતુ તેના સમગ્ર જિવનનું અતિઆવશ્યક પગલુ હોય છે. વિવિધ એક્ઝીબિશન થી બાળકની કળા બહાર આવે છે ઉપરાંત એ સફળતાથી તેનો આત્મવિશ્વાસ પ્રબળ બને છે. માટે શાળામાંથી બાળક જીવન - જીવવાની રીત શીખે છે. જીવનમાં આવનારી બધી જ સારી - ખરાબ પરિસ્થીતીમાં અડકતાથી અને સાહસથી તેનો સામનો કર્તા શીખે છે. 'બાળક માટે શાળા એ સ્વર્ગ સમાન છે.' બાળક તેના વાતાવરણમાં રહે છે અનુભવે છે અને બાળકનો શાળામાં સર્વાંગી વિકાસ થાય છે. જીવન માં જ્ઞાન કેટલું જરૂરી છે તેનું મુલ્ય સમજે છે. તેમજ શાળા જ બાળકના વિકાસના વિવિધ માર્ગો ખોલે છે. તેથી ટકાઉ ભવિષ્ય માટે શાળાઓનું યોગદાન જરૂરી છે.